



અન્નકૂટની સજાવટ

# : અન્નકૂટ સાજવાની વિધિ :




૧. શ્રીઠાકોરજીના સિંહાસનની ડાબી બાજુએ, ચોકઠા પર, તરમેવાની (લીલીમેવો) છાબ, (વૈષ્ણવોને ત્યાં હટરીની ભાવનાથી દીવાળીને દિવસે રાતે અનોસરમાં દૂધઘર ભોગ ન ધર્યું હોય તો દૂધઘરની સામગ્રી), વિવિધ ચટની, આદાચીરી, લીંબુની ફાંક, લૂણ મરીની કટોરી, ધરવી. જુદા પડગા પર જળપાનની ચપટિયા (જળની મથની) ધરવી, તેમાં કટોરી તરતી રાખવી.

૨. શ્રીઠાકોરજીના સિંહાસનની જમણી બાજુએ, ચોકઠા પર, માખણમિશ્રી, શિખરન, દહીં, બાસોંદી, ગરમ દૂધની હાંડી, (ડાબી તરફના ચોકઠા પર સાજતાં શેષ રહેલ દૂધઘર, પાગ્યા મેવા, ભુંજેલા મેવા, ખાંડના ખિલૌના), બિલસારુ, મિશ્રીના પનાની હાંડી સાજવી. જુદા પડઘા પર કાંજીવડાની હાંડી ધરવી.

૩. સિંહાસનની બન્ને તરફ ચોકઠાના ખૂણા પર આગળથી બે નાના ચાંદી વગેરેના પડઘા ધરી તેના પર બન્ને તરફ બાબરના એક-એક નંગ સાજવા.

૪. સિંહાસન પર પ્રભુની આગળની જગ્યામાં સફેદ આડવસ્ત્ર બિછાવી, ગાદીજીની બન્ને બાજુ બગલાઉ તકિયાની આગળથી, ઝારી-બીડાનો બંટા વગેરે આવે. તે આ પ્રમાણે ધરવા. શ્રીઠાકોરજીની ડાબી તરફ આગળ મોટી ઝારી, તેની પાછળ કુંજો ધરવો. શ્રીઠાકોરજીની જમણી તરફ આગળ નાની ઝારી, તેની પાછળ બીડાનો બંટા આવે. વૈષ્ણવોને ત્યાં બે ઝારી ન હોય તો શ્રીઠાકોરજીની ડાબી તરફ ઝારી અને જમણી તરફ બીડાનો બંટા ધરવો.

૫. શ્રીઠાકોરજીની સન્મુખ વચ્ચોવચ્ચ સિંહાસનની આગળથી ડામચીઆ અગર લાંબી ચોકીઓ, ચઢઊતરના ક્રમથી (આડી) સાજી, તેના ઉપર સૌ પ્રથમ નીચેથી, છૂટી બૂંદી, ઠોર, સકરપારા, ગુંજા ખાંડના-ગોળના, દીવલા વગેરે સાજવા. તેની ઉપર સેવના નંગ મગજ, ધાંસ, મેવાટી, મનોહર, પન્ની, દહીથરા વગેરે સાજવા. તેના ઉપરથી તવાપુરી, આખનવડા, માંડા, ઈન્દરસા, ફેની, ચંદ્રકળા વગેરે સાજવા. તેના ઉપરથી ઘેબર, બાબર, જલેબી વગેરે સાજવા. સૌથી ઉપર મધ્યમાં કપૂરનારીની ટોકરી ધરવી અને તેના ઉપર બીડાની થાળી ધરવી. આ સામગ્રીઓ સાજતાં આજુબાજુ જ્યાં ખાંચા પડે ત્યાં ચુકલી, ફીકી સેવ, ચણા ફડફડિયા, તિલસાંકળી, ખાજા, ભરમાપુરી વગેરે સાજવા.

૬. આ ચઢઊતરની લાંબી આડી ચોકીઓની આજુબાજુ એક-એક પાટ (ઊભી) સાજવી. તેમાં શ્રીઠાકોરજીની ડાબી બાજુની પાટ પર પુરી, અનસખડીનાં શાક, અનસખડીનાં ભુજેના-ભડત તથા તમામ પ્રકારનાં કાચાં સંધાનાં સાજવાં.

૭. શ્રીઠાકોરજીની જમણી બાજુની પાટ પર તમામ પ્રકારની ખીર, શીરો, શિખરનવડી, રાયતાં વગેરે રસાળ સામગ્રી, કુંડાં તથા નાંદમાં સાજવી.

૮. અનસખડીની સામગ્રીની આગળથી, શ્રીઠાકોરજીની સન્મુખ, બરાબર મધ્યમાં ભાતનો કોટ સાજવો. સૌ પ્રથમ ઘાસનું ગોળ બીડું સાજવાની જગ્યાએ, હળદરથી અષ્ટદળ કરી, તેના પર બીડું પધરાવી, તેના પર ભિંજવેલી સફેદ ચાદર બિછાવી, તેમાં સૌ પ્રથમ થોડી પાટિયાની સેવ પધરાવી, તેના પર ભાતનો કોટ સાજવો. કોટ પર વચ્ચોવચ્ચ શિખર અડધો બહાર અને અડધો અંદર રહે એ રીતે પધરાવવો. ચાર દિશામાં ચાર ગુંજા આવે. ઠાકોરજીની સન્મુખ ગદાવાળો ઊભો ગુંજો, શિખરની આગળ, અડધો અંદર, અડધો બહાર રહે તે રીતે ધરવો. બરાબર શિખરની પાછળ, આગળના ઊભા ગુંજાના લેવલમાં, સ્વસ્તિકનો ઊભો ગુંજો ધરવો. કોટ પર ઠાકોરજીની જમણી તરફની દિશામાં

JAYSHRIGOKULESH

શિખરની બાજુમાંથી ચક્રનો આડો ગુંજો ધરવો તથા ઠાકોરજીની ડાબી તરફ કોટ પર શિખરની બીજી બાજુમાં શંખનો આડો ગુંજો ધરવો. ચારે ગુંજા અને શિખરના શૃંગારની કારીગરી શ્રીઠાકોરજી તરફ સાજવી. ગુંજાની બહારથી ચારે તરફ કોટ પર તુળસીની માળા ધરવી. કોટ પર કેશર છિરકવું.

૯. કોટનું જે બીડું હોય ત્યાં જ આગળથી ઘી અને મગથી ભાતનો કોર સાનવો.

૧૦. બીડાની ધાર પર ફરતી, જાતજાતની સૂકવણીની છાબ અથવા દોના ધરવા તથા અડદના લોટના વિવિધ ફૂલ, ખિલૌના વગેરે પણ બીડા પર જ ફરતા આવે.

૧૧. બીડાની બન્ને તરફ આજુબાજુ આગળથી મગ તથા તેની પાછળ બીડાને લાગીને ગોળ ફરતી, તુવેરની, મગની વગેરેની દાળ તથા વિવિધ કઢીઓ નાંદમાં સાજવી.

૧૨. કોટની આગળ જે મગ સાજ્યા હોય તેની પાસે ઘીની નાંદ સાજવી. તેમાં ચમચો પધરાવવો.


૧૩. હવે આજુબાજુ આગળ, મગની બહારથી, બન્ને તરફ પાટિયાની સેવ, થૂલી. મીઠોભાત, બિરંજ, શિખરનભાત, દહીભાત, વડીભાત, ખાટોભાત સાજવો.

૧૪. તેની પાછળ આજુબાજુ દરેક જાતનાં કઠોળ તેમજ દરેક જાતનાં શાક સાજવાં.

૧૫. તેની પાછળ આજુબાજુ તેમજ બીડાની પાછળથી સફેદ ઢોકળાં, ખંડરા, પાંતરાં, મૂઠિયાં, વડાં, મૂંગોડા, ગુંજા, કચોરી, દરેક જાતના ભુજેના તેમજ પાપડ, તિલવડી, ઢેવરી વગેરે સાજવાં.

દરેક સામગ્રીની સજાવટ ખૂબ જ સુંદરતાપૂર્વક કરવી. ભોગ સાજતાં પહેલાં ભોગ સાજવાની જગ્યા તથા ચોકીઓ ખાસા કરવી. ચોકી ન હોય તો તમામ ભોગ ધરતી પર પાતળ બિછાવી સાજી શકાય. ચોકી ન હોય તો ચાર્ટમાં ચોકી બતાવી છે એને ધરતી ગણી એ રીતે સજાવટ કરવી. છાબમાં પણ પાતળ બિછાવવી. બરતનમાં બિછાવવાની જરૂર નથી. સખડીમાં હળદીની મેંડ અવશ્ય કરવી.

## ૧. ભાતના કોટ પર મધ્યમાં ધરવાનું શિખર



# શિખર અને ગુંજાના શૃંગારની કારીગરી અંગે સમજૂતિ

**૧. શિખર**

શિખર જે પ્રમાણનું સિદ્ધ કરવું હોય તે પ્રમાણે પુરી વણી, તેની બરોબર વચ્ચે ગોળાકારમાં કૂર (સેવાનો સાંજો [રસેશ્વરના રસથાળ ભાગ–૧ માં પાના ૪૩ પર ૩૨મી સામગ્રીમાં સિદ્ધ કરવાની જે રીત બતાવી છે તે પ્રમાણે]) ભરી, આકૃતિમાં બતાવ્યા પ્રમાણે ઉપસેલો શિખર જેવો આકાર બનાવવો. પુરીની આજુબાજુ ફરતી ગોળાકાર જગ્યા છોડવી, જેથી કૂરની ઉપરથી આવનારી પુરીના છેડે છેડા મેળવી એની મોટી તથા નાની કોર નંબર ૧ અને નંબર ૨ માં બતાવ્યા પ્રમાણે ગૂંથી શકાય. નીચેની પુરી પર કૂરની ફરતે જે ગોળાકાર જગ્યા છોડી હોય, તેના પર અડદના લોટનો સાટો ચોપડવો. પછી બીજી સહેજ મોટી પુરી કૂર ઉપરથી લઈ નીચેની પુરીની ધારની સાથે એની ધારેધાર મેળવી લઈ દબાવી દેવી અને પછી નંબર ૧ પ્રમાણે ફરતી મોટી કોર ગૂંથવી. ત્યારબાદ મોટી કોરની બાજુએથી બહારના ભાગેથી ચપટીથી ઝીણી કોર ચપટાવી. નંબર ૨ પ્રમાણે મોટી કોરની બહારથી ફરતી નાની કોર ગૂંથવી. ત્યારબાદ શિખર પર ચારે તરફ ફરતો સાટો લગાડવો. ત્યારબાદ મેંદાના લોટની નંબર ૩ માં બતાવ્યા પ્રમાણે જાડી સેવ વણી, ગૂંથણની લગોલગ અંદરથી ગોળ ફરતે ગોઠવવી. તેની લગોલગ અંદરથી નંબર ૪ માં બતાવ્યા પ્રમાણેની ચોટી ગોળ ફરતે લેવી. મેંદાની વણેલી ત્રણ લાંબી સેવની સેર લઈ એને ચોટીની જેમ ગૂંથી આ ચોટી સિદ્ધ કરવી. તેની લગોલગ અંદરથી નંબર ૫ માં બતાવ્યા પ્રમાણે જાડી સેવ વણી ગોઠવવી. ત્યારબાદ આગલા દિવસે મેંદાના લોટની જે નાની–નાની ગૂંથેલી મેવાટી સિદ્ધ કરી, સૂકવી રાખી હોય તે આસપાસ જગ્યા રાખી, મધ્યમાંથી, થોડા થોડા અંતરે, ગોળ ફરતે નંબર ૬ માં દર્શાવ્યા પ્રમાણે ગોઠવવી. ત્યારબાદ નંબર ૭ અને નંબર ૮ માં દર્શાવ્યા પ્રમાણે જાડી સેવની સાંકળ મેવાટીની આસપાસ ફરતે લેવી. ત્યારબાદ નંબર ૯ માં દર્શાવ્યા પ્રમાણે જરાક પાતળી સેવ ફરતે ગોઠવવી. હવે તેની લગોલગ અંદરથી નંબર ૧૦ માં દર્શાવ્યા પ્રમાણે, આગલે દિવસે મેંદાના લોટની, આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણેના આકારની, સુરકી સિદ્ધ કરી, સૂકવી રાખી હોય તે ગોળ ફરતે ચિપકાવવી.

[સાંધણ પાના ૧૨૮]

ત્યારબાદ નંબર ૧૧ માં બતાવેલ જગ્યામાં ગોળ ફરતે ચાર અષ્ટદલકમળના ફૂલ ઝીણી સેવથી કરી, તેને ઝીણી સેવની વેલથી જોડી દેવા. હવે શિખરની ટોચ પર, બરોબર વચમાંથી, ગોળ ફરતું, અષ્ટદલ-પદ્મ, ઝીણી-ઝીણી બેવડી સેવથી નંબર ૧૨ માં બતાવ્યા પ્રમાણે કરવું. અષ્ટદલની ફરતે ઝીણી સેવ વડે પત્તા ગોઠવવા. થોડો મેંદાનો લોટ લઈ, નંબર ૧૩ માં બતાવ્યા પ્રમાણે, તેને બંધ કમળકળી જેવો આકાર આપી, અષ્ટદલની ઉપર મધ્યમાં તે ચિપકાવી દેવો. આ રીતે સંપૂર્ણ શૃંગાર થઈ જાય પછી શૃંગારને બચાવી, જ્યાં ખુલ્લી જગ્યા હોય ત્યાં ગોળ ફરતે છેદ કરી, ઘીની કઢાઈમાં તળવા મૂકવું. બરાબર પરિપક્વ થાય અને સહેજ લાલાશ પકડે કાઢી લેવું. નંબર ૭ અને ૮ માં દર્શાવેલ સાંકળના ત્રિકોણાકાર ખાંચામાં આગલે દિવસે સિદ્ધ કરેલ મેંદાના લોટના મણકા ગોઠવાય.

**૨. આડો ગુંજો શંખનો**

શિખર અનુસાર પ્રમાણસરની પુરી વણી, પુરીના એક બાજુના અડધા ભાગમાં, બહારથી થોડી થોડી ધાર ફરતે છોડી, ફૂરનો સાંજો લાંબા આકારમાં ઉપસાવેલો ભરવો. ત્યારબાદ જે ધાર છોડી છે તે ધાર પર અને પુરીના અડધા ખુલ્લા ભાગ પર સાટો લગાડવો. ત્યારબાદ પુરીનો સાટો લગાડેલ અડધો ખુલ્લો ભાગ ફૂરના ઉપરથી લઈ જે ધાર છોડી છે તેની ધાર સાથે ધારે ધાર મેળવી, ચિપકાવી, મોટી કોર ગૂંથી લેવી. તેની બહારથી શિખરની જેમ નાની કોર ગૂંથી લેવી. ત્યારબાદ મોટી કોરની અંદરના ગુંજાના ભાગ પર તેમજ નાની કોરની બહારના આકૃતિમાં દર્શાવેલ ઉપસેલા ભાગ પર સાટો લગાડવો. તે પછી મોટી ગૂંથણની લગોલગ અંદરથી (શિખરના ક્રમ પ્રમાણે) જાડી સેવ, તે પછી ચોટી, તે પછી પાછી જાડી સેવ, તે પછી મેંદાના લોટના ચોકૂલિયા (આગલે દિવસે સિદ્ધ કરેલા) વચમાં વચમાં ગોઠવી તેની આસપાસ સેવની સાંકળ અને તેના ત્રિકોણકાર ખાંચામાં મેંદાના લોટના મણકા (શિખરની જેમ) એ પછી સહેજ પાતળી સેવ—આ બધું આકૃતિ ૨ મુજબ ફરતે ગોઠવવું. હવે પાતળી સેવ ગોઠવ્યા પછી વચમાં જે જગ્યા રહે તેની બરાબર મધ્યમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ સેવથી શંખ કરવો. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બન્ને ખૂણામાં સામસામી કમળકળી જેવો આકાર સેવથી કરવો. નાની કોરની બહારથી ઉપસેલ ભાગ પર ફૂલવેલની ડિઝાઈન સેવથી કરવી. અહીં જે ડિઝાઈન ફૂલવેલની આપી છે તેથી બીજા પ્રકારની પણ યથેચ્છ લઈ શકાય. એ પછી શિખરમાં આપેલ રીત મુજબ તળીને સિદ્ધ કરવો.

**૩. આડો ગુંજો ચક્રનો** ગુંજામાં ફૂર ભરવાની રીત, ધાર જોડવાની રીત, મોટા–નાના–ગૂંથણની રીત, શૃંગારની રીત, ઉપર મુજબ. આકૃતિ ૨ માં (આડો ગુંજો શંખનો છે તેમાં) જ્યાં ચોટી પછી આવતી જાડી સેવ અને તે પછી વચમાં વચમાં મેંદાના લોટનાં ચોફૂલિયા આવે છે તેને બદલે આગલે દિવસે સિદ્ધ કરેલ મેંદાના લોટના પંચફૂલિયા આવે અને તેની આસપાસ સેવની સાંકળ આવે. આટલો એક ફેર અને બીજો ફેર એ છે કે પાતળી સેવ ગોઠવ્યા પછી વચમાં જે જગ્યા રહે તેની બરાબર મધ્યમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ સેવથી ચક્ર કરવું. બાકી બધું આકૃતિ ૨ મુજબ. નાની કોરની બહારથી ઉપસેલ ભાગ ઉપર અહીં ફૂલવેલની જે ડિઝાઈન આપી છે તે અથવા યથેચ્છ લઈ શકાય. એ પછી તળીને સિદ્ધ કરવો.

**૪. ઊભો ગુંજો ગદાનો** શિખર અનુસાર પુરી વણી, પુરીના મધ્યના ભાગમાં, ફૂરનો સાંજો લાંબા આકારમાં બન્ને બાજુ ઢળતો ઉપસાવેલો ભરવો. પછી બન્ને બાજુ પુરીનો જે ખુલ્લો ભાગ રહ્યો હોય તેના પર સાટો લગાડી, ફૂર પરથી એ બન્ને સાટો લગાવેલ પુરીના ભાગ લઈ, ધારેધાર મેળવી મોટી કોર ગૂંથી લેવી. આમ આ મોટી કોર મધ્યમાં આવશે. તેની બહારથી શિખરની જેમ નાની કોર ગૂંથી લેવી. ત્યારબાદ મોટી કોરની અંદરના ઉપસેલ ભાગ પર અને નાની કોરની બહારના ઉપસેલ ભાગ પર સાટો લગાડવો. તે પછી મોટી ગૂંથણની લગોલગ અંદરથી ક્રમ પ્રમાણે જાડી સેવ, તે પછી ચોટી. તે પછી પાછી જાડી સેવ, તે પછી મેંદાના લોટના ગુંજા (આગલે દિવસે સિદ્ધ કરેલા) આકૃતિમાં દર્શાવ્યા મુજબ વચમાં વચમાં ગોઠવી, તેની આસપાસ સેવની સાંકળ અને તેના ત્રિકોણાકાર ખાંચામાં મેંદાના લોટના મણકા (શિખરની જેમ), એ પછી સહેજ પાતળી સેવ—આ બધું આકૃતિ ૪ મુજબ ફરતે ગોઠવવું. હવે પાતળી સેવ ગોઠવ્યા પછી વચમાં જે જગ્યા રહે તેની બરાબર મધ્યમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ સેવથી ગદા કરવી. આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે બન્ને ખૂણામાં સામસામી કમળકળી જેવો આકાર સેવથી કરવો. નાની કોરની બહારના ઉપસેલ ભાગ પર ફૂલવેલની ડિઝાઈન સેવથી આકૃતિમાં આપી છે તે મુજબ કરવી. આથી બીજા પ્રકારની પણ ફૂલવેલની યથેચ્છ ડિઝાઈન લઈ શકાય. એ પછી શિખરમાં આપેલ રીત મુજબ તળીને સિદ્ધ કરવો.


**૫. ઊભો ગુંજો સ્વસ્તિકનો** ગુંજામાં ફૂર ભરવાની રીત, ધાર જોડવાની રીત, મોટા–નાના ગૂંથણની રીત, શૃંગારની રીત ઉપર મુજબ. આકૃતિ ચારમાં ચોટી પછી જાડી સેવ અને તે પછી સેવની સાંકળની વચમાં વચમાં

જ્યાં ગુંજા આવે છે ત્યાં અહીં ગુંજાને બદલે મેંદાના લોટના સકરપારા (આગલે દિવસે સિદ્ધ કરેલા) આકૃતિમાં દર્શાવ્યા મુજબ આવે. આ એક ફેર, અને બીજો ફેર એ છે કે પાતળી સેવ ગોઠવ્યા પછી વચમાં જે જગ્યા રહે તેની બરાબર મધ્યમાં આકૃતિમાં દર્શાવ્યા મુજબ સ્વસ્તિક કરવું. બાકી બધું આકૃતિ ૪ મુજબ. નાની કોરની બહારના ઉપસેલ ભાગ પર ફૂલવેલની ડિઝાઈન સેવથી આકૃતિમાં આપી છે તે મુજબ કરવી. આથી બીજા પ્રકારની પણ ફૂલવેલની યથેચ્છ ડિઝાઈન લઈ શકાય. એ પછી તળીને સિદ્ધ કરવો.


વૈષ્ણવોને ત્યાં, અન્નકૂટ માટે, અનસખડીની સામગ્રીની શરૂઆત કરાય તે પહેલાં, સર્વપ્રથમ શિખર અને ગુંજાનો કૂર સિદ્ધ કરી લેવો. પછી અનસખડીની સામગ્રીની શરૂઆત કરવી.

JAI JAI SHREE GOKULESH


૨. આડો ગુંજો શંખનો



## ૩. આડો ગુંજો ચક્કનો



૪. ઊભો ગુંજો ગદાનો



## ૫. ઊભો ગુંજો સ્વસ્તિકનો

